




## ડીસા એરપોર્ટ પર 'મૉર્નિંગ વોક'ની મનાઈ

ડીસામાં ઉત્તર ગુજરાતનું એકમાત્ર એવું એરપોર્ટ આવેલું છે જેના અનુકૂળ હવામાન અને આબોહવાને લઈ અહીં દર વર્ષે હવાઈ પેરાશુટિંગ સ્પર્ધા યોજાવા ઉપરાંત વહેલી સવારે શહેરીજનો મૉર્નિંગ વોક અને વાહન શીખવા માટે પણ ઉપયોગ કરે છે જો કે બે દિવસ અગાઉ મૉર્નિંગ વોક ઉપર નીકળેલા એક વેપારીના ગળામાંથી અજાણ્યા બે બાઈક સવાર ચેન સ્નેચિંગ કરી ફરાર થઈ ગયા હતા જે ઘટનાને લઈ તાજેતરમાં એરપોર્ટ યુનિટી ઓફ અમદાવાદ અને ડીસા હોમગાર્ડ યુનિટ દ્વારા એરપોર્ટ પર મૉર્નિંગ વોક માટે શહેરીજનોને પ્રવેશવા તેમજ વાહન ચાલકોને પણ પ્રવેશ માટે પ્રતિબંધ મુકવામાં આવ્યો હોવાના બોર્ડ પણ મુકવામાં આવ્યા છે. જેથી ડીસાવાસીઓ માટે વહેલી સવારે મૉર્નિંગ વોક માટેના અનુકૂળ સ્થળ ઉપર પણ પાબંદી આવી ગઈ છે જેથી સ્વાસ્થ્ય પ્રેમી નગરજનોમાં નારાજગી છવાઈ છે.

### ધાનેરા તાલુકાના આલવાડા ગામે

# ખાનગી શાળામાં શિક્ષકે વિદ્યાર્થીને ઢોર માર માર્યો

## વિદ્યાર્થી ને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો

ધાનેરા તાલુકાના આલવાડા ગામે એક ખાનગી શાળામાં શિક્ષકે વિદ્યાર્થીને ઢોર માર માર્યો હોવાનુ સામે આવ્યુ છે. ધોરણ-૯ના વિદ્યાર્થીને શિક્ષકે ઢોર માર મારતા તેને કમરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. વિદ્યાર્થીને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

જિલ્લામાં વધુ એકવાર શિક્ષક ભાન ભૂલ્યા. બનાસકાંઠાના ધાનેરાના આલવાડા ગામની લક્ષ્મીવિદ્યામંદિર નામની ખાનગી શાળામાં વિવાદમાં આવી છે. શાળાના વિદ્યાર્થી શિત્તલ પ્રજાપતિને લેશન ન લાવવાની સામાન્ય બાબતમાં શિક્ષકે ઢોર માર માર્યો હતો. શિક્ષક એટલી હદે નિર્દય બની ગયા હતા કે તેમણે વિદ્યાર્થીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ત્યાર બાદ શાળાના શિક્ષકો દ્વારા પ્રાથમિક સારવાર માટે નજીકના દવાખાને વિદ્યાર્થીને ખસેડવામાં આવ્યો હતો. જોકે ત્યાર બાદ ઘરે પહોંચ્યા બાદ વિદ્યાર્થીના પિતાને જાણ થતાં તેઓએ ધાનેરા સિવિલ બાદ વધુ સારવાર માટે ધાનેરાની પ્રાઈવેટ હોસ્પિટલમાં પોતાના પુત્રને સારવાર માટે ખસેડાયો હતો. સમગ્ર ઘટનાને લઈ ધાનેરા પંથકમાં ઘેરા પ્રત્યાઘાત જોવા મળી રહ્યા છે. ધોરણ ૯માં ભણતા વિદ્યાર્થીને ઢોર માર મારવામાં આવતા શિક્ષક પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે. લક્ષ્મીવિદ્યામંદિરમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી શીતલ લેશન ના લાવવાની બાબતે શિક્ષકે પિત્તો ગુમાવ્યો બાદ જે રીતે વિદ્યાર્થીને ઢોર માર માર્યો હતો. જેમાં વિદ્યાર્થીને કમરના ભાગે ગંભીર ઈજા પહોંચી છે. ત્યારે આ સમગ્ર બાબતે યોગ્ય તપાસ થાય અને શિક્ષક સામે પગલાં ભરાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. જયારે પ્રાઈવેટ હોસ્પિટલના ડોકટરે જણાવ્યું હતું કે વિદ્યાર્થીને મૂઢ માર લાગ્યો છે જેથી હાલ સારવાર ચાલુ છે. જરૂર મુજબ હજુ સિટીસ્કેન, એક્ષરે કરાવી વધુ સારવાર આપવામાં આવશે. દિવસે ને દિવસે શાળાઓમાં વિદ્યાર્થીઓને માર મારવાના બનાવોમાં વધારો જોવા મળી રહ્યો છે. શિક્ષકો માસૂમ વિદ્યાર્થીઓને માર મારતા ભાન ભૂલી રહ્યા છે. અને માસૂમ ભૂલકાઓને ઢોર માર મારી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા આવા શિક્ષકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે.



# ડીસા-ઢુવા રોડ બિસ્માર, માર્ગ અકસ્માતની દહેશત

ડીસા, તા. ૨૬

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસાના રેલવે સ્ટેશનથી



ઢુવા તરફ જતો રોડ છેલ્લા ઘણા વર્ષોથી બિસ્માર બનેલો છે. ખખડધજ રોડના કારણે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાવાની દહેશત વર્તાય છે.

ડીસાથી ઢુવા ગામ તરફ જતો રોડ છેક તાલુકા મથક પાલનપુર અને ગામડાઓ સાથે સંકળાયેલો છે, તેથી આ રોડ ઉપર રાત-દિવસ વાહનો સાથે ખેતરોના કારણે રાહદારીઓની વધુ પડતી અવરજવર રહે છે. પરંતુ જવાબદાર તંત્રની લાપરવાહીના કારણે આ રોડ છેલ્લા ઘણા વર્ષોથી બિસ્માર છે, એટલું જ નહી રોડની બન્ને સાઈડે ગાંડા બાવળોનું સામ્રાજ્ય છવાયું છે, જેના કારણે ખખડધજ રોડ ભયજનક અને જોખમી બની ગયો છે. રાતના સુમારે અકસ્માતોના બનાવો પણ બન્યા છે. ત્યારે રોડ કોઈ નિર્દોષનો ભોગ લે તે પૂર્વે ઘોર નિંદ્રામાં ઘોરતું તંત્ર જાગે તેવો સુર વાહન ચાલકો અને રાહદારીઓમાં ઉઠવા પામ્યો છે.

# પાલનપુર પાલિકા દ્વારા દબાણ હટાવો ઝુંબેશથી ફફડાટ

પાલનપુર નગર પાલિકા દ્વારા બારડપુરા વિસ્તારમાં દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. મુખ્યમંત્રી ઓન લાઈન સ્થાનિક નાગરિકો દ્વારા નગરપાલિકામાં અવારનવાર રજૂઆતો કરવામાં આવી હતી. પરંતુ સ્થાનિક તંત્ર વામણું પુરવાર મુખ્યમંત્રી ઓનલાઈન રજૂઆત કરવામાં આવી હતી. જેમાં આ દબાણો દૂર કરવા માટે હુકમ કરવામાં આવતા પાલનપુર



રજૂઆતના પગલે દબાણો દૂર કરવામાં આવનાર હોઈ દબાણદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પાલનપુર નગરપાલિકા હદ વિસ્તારમાં કેટલાક લોકો દ્વારા પોતાના પ્લોટ બહાર તો કેટલાકે સરકારી જમીનો ઉપર કાચા-પાકા દબાણો કરી દીધા છે. આ અંગે થયું હોઈ દબાણો હટાવવામાં આવ્યા નથી. આથી કંટાળીને લોકો દ્વારા મુખ્યમંત્રી ઓન લાઈન ફરિયાદ નિવારણમાં રજૂઆતો કરવી પડી રહી છે.

જ્યાં શહેરના બારડપુરા વિસ્તારમાં પણ કેટલાક શખ્સોએ પાકા દબાણો કરી દીધા હતા. જે દૂર કરવા માટે સ્થાનિક લોકો દ્વારા નગરપાલિકાની ટીમ દ્વારા દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે અંર્તગત એક પાકું દબાણ તોડી પાડવામાં આવ્યું હતું. જ્યાં આગામી સમયમાં પણ દબાણ હટાવો ઝુંબેશ ચાલુ રાખવાની હોઈ અન્ય દબાણકર્તાઓમાં ફફડાટ પ્રસરી ગયો છે.

# લાખો રૂપિયાની છેતરપીંડી મામલે મોટો ઘટસ્ફોટ થવાના એંધાણ

### ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના શાસકોનું ભેદી મૌન ? એફ. એસ. એલ.ના રિપોર્ટને પગલે મોટા માથાઓની સંડોવણી બહાર આવે તેવી વકી

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના રાજમાં ચેકબુક બારોબાર લઈ જઈ ત્રણ ચેક ભરી રૂ. ૨૭ લાખની છેતરપિંડી આચરાઈ હોવાના કેસમાં એફ.એસ. એલ.ના રિપોર્ટને પગલે મોટો ઘટસ્ફોટ થવાની સાથે ટૂંક સમયમાં નવાજૂની થવાના એંધાણ વર્તાઈ રહ્યા હોવાનું ટોક ઓફ ધી ટાઉન બન્યું છે.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના કહેવાતા જાગૃત ચોકીદારો ના રાજમાં લાખો રૂપિયાની ઉચાપત થઈ હતી. જેમાં ચીફ ઓફિસર અને એકાઉન્ટન્ટના સહીના નમૂના હતા તે એફએસએલમાં મોકલાયા છે. જે એફ. એસ.એલ.નો રિપોર્ટ મોટો ઘટસ્ફોટ સર્જે અને મોટા માથાઓની સંડોવણી બહાર આવે તેવી શક્યતાઓ ચર્ચાના એરણે ચડી છે.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના રાજમાં ભયમુક્ત બની ભ્રષ્ટાચાર આચરાઈ રહ્યો હોઈ ભાજપની ઈજ્જતના લીરેલીરા ઉડી રહ્યા હોવાની બુમરાણ મચી છે. સંગઠનના નિરંકુશને પગલે પાલિકાનો વહીવટ વગોવાઈ રહ્યો હોવાની રાવ વચ્ચે પાલિકાની ચેકબુક બેંકમાંથી બારોબાર મેળવી ચેક ભરી રૂ.૨૭ લાખના નાણાંની ઉચાપતની ઘટના પાલિકાના શાસકોના હાથમાં શહેર કેટલું સલામત છે? તે અંગે પણ અંગુલિનિર્દેશ કરી રહી છે.

## પોલીસ પર પ્રેશર હોવાની ચર્ચા

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા માં ચેક વાટે રૂ.૨૭ લાખની ઉચાપત કેસમાં એફ.એસ.એલ.નો રિપોર્ટ શાસકો માટે મોટી મુસીબત સર્જે તેવી ચર્ચાએ વેગ પકડ્યો છે. ખુદ પાલિકા અને ભાજપી વર્તુળોમાં ચર્ચાસ્પદ બની વહેતી થયેલી વાતો મુજબ, એફ.એસ. એલ.ના રિપોર્ટમાં સહીઓના નમૂના મળી ગયા છે. જેમાં પાલિકાના શાસકો ની નજીકના કર્મચારી સહિતના એક અધિકારીની સંડોવણી બહાર આવે તેમ છે. અને તેઓ વટાણા વેરી દેશે તો ભાજપ શાસિત પાલિકાના મોટા માથા ઓની સંડોવણી બહાર આવતા ભાજપ માટે મોટી મુસીબત સર્જાય તેમ હોઈ આ કેસમાં પોલીસ પર પણ પોલિટિકલ પ્રેશર હોઈ તપાસ ગોકળ ગતિએ ચાલતી હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે. પાલિકાના શાસકો સમગ્ર કેસમાં ગોદડી ગોટે વાળવા મરણીયા પ્રયાસો કરી રહ્યા હોઈ આ કેસમાં તપાસનીશ અધિકારીની બદલી સહીત પત્રમ પુષ્પમની નીતિ પણ અખત્યાર કરાઈ રહી હોવાના છડેચોક થઈ રહેલા આક્ષેપો વચ્ચે પોલીસ પોતાની ધુમિલ થતી ઈમેજને લઈને તટસ્થ તપાસ કરી કોઈની શેહશરમમાં આવ્યા વિના મોટો ઘટસ્ફોટ કરે તેવી ચર્ચાએ વેગ પકડ્યો છે.



આજે સંવિધાન દિવસ નિમિત્તે સંસદમાં દેશના મહામહિમ રાષ્ટ્રપતિ-ઉપ રાષ્ટ્રપતિનું તથા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન યોજાયું. જે સંબોધન હિંમતનગર શહેર અને તાલુકા ભાજપની ટીમ સાથે મળી ને નિહાળ્યું, તથા અંત માં સંવિધાનનું પુસ્તક "આપણે અને આપણું બંધારણ" નું પૂજન કરી પુષ્પ અર્પણ કર્યા. કાર્યક્રમને સફળ બનાવવા શહેર-તાલુકા ભાજપના કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્માના ઉંચીધનાલમાં ડોક્ટરની અનિયમિતતા સાથે પ્રજા પરેશાન

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા તાલુકાના અંદરના વિસ્તારમાં આવેલ ઊંચી ધનાલ પીએચસી સેન્ટર આવેલ છે જે તાલુકા મથકથી ઊંડાણમાં ૧૪ કિમી દૂર આવેલું છે આૅ જષ્ઠ નીકળી જાય છે સવારે સમયસર આવતા નથી તેમજ રાત્રે પણ કોઈ હોતું નથી તેવી ગ્રામજનોની રજૂઆત અને આક્રોશ વ્યક્ત કર્યો હતો આ અંગે તાલુકા આરોગ્ય અધિકારીને પૂછતાં તેમણે



સેન્ટર માં ઊંચીધનાલ ગુંદેલ ગઢડા શામળાજી ગઢડા વિખરણ તુવર વીખરણ અને બનાસકાંઠાના ગામના લોકો સેન્ટરથી સારવાર મેળવે છે પરંતુ ૨૫ નવેમ્બરના રોજ ઊંચી ધનાલ પી એસ સી સેન્ટરની મુલાકાત દરમ્યાન ત્યાંના સ્થાનિકોના જણાવ્યા અનુસાર એ હોસ્પિટલમાં વારંવાર આવવા છતાં સાંજે ચાર વાગ્યા પછી કાયમી ધોરણે બંધ હોય છે અહીંના ડોક્ટર મકવાણા સાહેબ વિસનગર નજીક ગામે થી અપડાઉન કરતા હોઈ સમયસર પહોંચી શકતા નથી સાંજે વહેલા જણાવ્યું હતું કે તાળું મારેલું છે એ જોતા અમે તપાસ કરી ઘટતી કાર્યવાહી કરીશું અગાઉ પણ ડોક્ટર ના જિલ્લા વિશે વારંવાર રજૂઆતો કરવામાં આવેલ છે ઉંચી ધનાલ પી એચ સી સેન્ટર પર હોસ્પિટલમાં રાત્રિ દરમિયાન કોઈ નથીહોતુ પ્રજાની રાત્રે કોઈ તકલીફ પડે છે તો ૧૪કીલોમીટરના એરીયામાં દોડધામ કરી ને ખેડબ્રહ્મા સુધી આવવું પડે છે કે અહીં જષ્ઠ ડોક્ટરો નિયમિત ડોક્ટર હાજર રહીને સેવા આપે તેવી પર્જા ની માંગ ઉઠવા પામી છે

# ખેડબ્રહ્મા તાલુકાની શાળામાં આરોગ્ય ચકાસણી કાર્યક્રમ બે જગ્યાએ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૬

ધારાસભ્ય ખેડબ્રહ્મા અશ્વીન ભાઈ તેમજ આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી આનંદભાઈ લેબોલા જિલ્લા પંચાયત ઊપપ્રમુખશ્રી નેતાભાઈ સોલંકી



તથા તાલુકા સદસ્ય શ્રી રામ ભાઈ તેમજ ગામના સરપંચ શ્રીમતી મણીબેન હાજર રહેલ હતા. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર રાજેશ પટેલ ના માર્ગદર્શન અને તાલુકા હેલ્થ ઓફિસર ડોક્ટર આર.ડી. ગોસ્વામી ના અધ્યક્ષ પણા હેઠળ સમગ્ર તાલુકાની કુલ ૪૩૭ સંસ્થાઓના ૫૯૮૨૫ બાળકોને આરોગ્ય તપાસણી કાર્યક્રમ માં તારીખ ૨૫ .૧૧.૨૦૧૯ થી ૩૦/૦૧/ ૨૦૨૦ સુધી કુલ ૪૫ દિવસમાં તપાસ કરવામાં આવશે. સમારંભમાં હાજર રહેલ મુખ્ય મહેમાન માનનીય ધારાસભ્યશ્રી તથા હાજર રહેલ તમામ મહેમાનો ડાયાબીટીસ ચેક કરવામાં આવેલ હતું .મુખ્ય મહેમાન શ્રી કોટવાલ સાહેબે જણાવેલ કે તમામ સગર્ભા બહેનો એ delivery ઘરે ન કરાવતા સંસ્થાકીય સુવાવડ કરાવવી .શાળા આરોગ્ય તપાસણી માં તમામ બાળકોની તપાસ કરાવશો અને અંધશ્રદ્ધા ન રાખવા જણાવ્યું હતું. ડૉ.આર. ડી. ગોસ્વામી તા.હે.ઓ.દ્વારા સમગ્ર કાયેક્મ વિશે વિસ્તૃત માહીતી આપવામાં આવેલ તેમજ આજરોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કલોલના શ્યામનગર ગામે પણ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ નો ઉદઘાટન સમારોહ સાબરકાંઠા જીલ્લા મહામંત્રી ભાજપા ના વરદ હસ્તે યોજાઈ ગયો. સમારંભમાં ખેડબ્રહ્મા તાલુકાના ભાજપના પ્રમુખ શ્રી સુરેશભાઈ પટેલ તથા મહામંત્રી શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ હાજર રહેલ. કલોલ મેડિકલ ઓફિસર ડો દિવ્યા બેન પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી.

# મોડાસાના સબલપુર ગ્રામ પંચાયતમાં જિલ્લા કલેકટરની ઉપસ્થિતિમાં બંધારણ દિવસની ઉજવણી

મોડાસા, તા. ૨૬

૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણને અપનાવવામાં આવ્યું હતું. ભારતીય બંધારણની ૭૦મી બંધારણની વર્ષગાંઠ નિમિત્તે સરકારી તંત્ર વધુમાં વધુ લોકો સુધી બંધારણની સબલપુર ગ્રામ પંચાયત ખાતે ગ્રામજનોની ઉપસ્થિતિમાં બંધારણ દિવસ દેશ સંવિધાનની સ્વિકૃતિની ૭૦મી વર્ષગાંઠ ઉજવણી કરવામાં આવી હતી જેમાં જીલ્લા સમાહર્તા ડૉ.અનિલ ધામેલીયાએ




જાણકારી પહોંચે તેવા પ્રયાસ હાથધર્યા હતા અરવલ્લી જીલ્લા કલેક્ટર ડૉ.અનિલ ધામેલીયા ની ઉપસ્થિતિમાં મોડાસા તાલુકાની સબલપુર ગ્રામ પંચાયત ખાતે ડૉ. બાબા સાહેબ ભીમરાવ આંબેડકર તથા સંવિધાનના અન્ય નિર્માણકર્તાઓના અમૂલ્ય યોગદાનને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી બંધારણ ને અનુસરવાના ગ્રામજનો અને ઉપસ્થિત શપથ લેવડાવ્યા હતા આ ઉજવણીમાં મામલતદાર ગઢવી, તાલુકાવિકાસ અધિકારી ગોપાલ પટેલ, તલાટી ગિરધરભાઈ પંડ્યા અને ઉપસરપંચ કાંતિભાઈ પટેલ સહીત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# સંવિધાન દિવસની લૉ કોલેજ હિંમતનગર ખાતે ભવ્ય ઉજવણી

લો કોલેજ, હિમતનગર ખાતે અધિવકતા પરિષદ (સા. કાં.) વતી પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી હિરેનભાઈ ત્રિવેદી અને લો પંડ્યા અને શ્રી જી. કે. ભાવસાર, બાર એસસિયેશનના પ્રમુખ શ્રી આર.વી. શર્મા, ડી.જી.પી. સંદર્ભે જીલ્લા ન્યાયાધીશ શ્રી જે.સી. દોશી સાહેબ દ્વારા સંવિધાન ની રચના અને મહત્વની વિસ્તૃત જાણકારી



કોલેજ ભૂતપુર્વ વિદ્યાર્થી મંડળ વતી અધ્યક્ષ શ્રી યોગેશભાઈ દોશી ના માર્ગદર્શનથી આયોજિત અને લો કોલેજ હિંમતનર અને જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ના સંચાલન દ્વારા ૭૦માં સંવિધાન દિવસ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

સમારંભના મુખ્ય અતિથી તરીકે સાબરકાંઠા જીલ્લા મુખ્ય ન્યાયાધીશ શ્રી જે. સી. દોશી સાહેબ તથા મંચસ્ત મહેમાનો તરીકે કાનૂની સેવા સત્તા મંડળના મંત્રી શ્રી એ.એ. વાયડા સાહેબ, સિનિયર એડવોકેટ તરીકે શ્રી. આર. એન. શ્રી એ.જે. પટેલ અને કેળવણી મંડળના પ્રમુખ શ્રી નાથા કાકા પટેલ અને મંત્રી શ્રી પ્રહલાદભાઈ સોમાણી ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભ ની શરૂઆત દીપ પ્રાગટ્ય થી કરવામાં આવેલ, સમારંભમાં પધારેલ તમામ ન્યાયાધીશો, એડવોકેટ્સ અને વિધાર્થીઓ નું લો કોલેજના પ્રોફેસર શ્રી વૈદેહી મેડમ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ અને સર્વે ને સંવિધાન ની રચના સમયના વિડિયો ફોટો અને સંવિધાન ના અસલ પુસ્તક ની જાંખી પ્રોજેક્ટર પર બતાવવા માં આવેલ. સંવિધાન દિવસ આપવામાં આવેલ અને મંચસ્ત મહાનુભવો દ્વારા બંધારણ અને તેના આર્ટિકલ્સ અંગે જાણકારી આપવામાં આવી હતી.

ત્યારબાદ લો કોલેજ ના પ્રોફેસર ડો. જે. પી. જાની દ્વારા બંધારણ મુજબ ના સામૂહિક શપથ ગ્રહણ કરવામાં આવેલ. સમારંભ દરમિયાન પ્રોફેસર ડો. બિનલ મેડમ દ્વારા હોસ્ટિંગ કરવામાં આવેલ અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી થનાર સર્વે નો યોગેશભાઈ દોશી દ્વારા આભાર વિધિ દરમિયાન આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# પાલનપુરમાં યુવકે ગળે ફાંસો ખાઈ મોતને વ્હાલું કરતા ચકચાર

પાલનપુર, તા. ૨૬

પાલનપુર મીઠીવાવ વિસ્તારમાં રહેતા એક યુવકે અગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ મોતને વ્હાલું કરતા ચકચાર મચી ગઈ હતી.

પાલનપુર શહેરના મીઠીવાવ પ્રજાપતિ વાસમાં રહેતા દશરથભાઈ ચમનભાઈ પ્રજાપતિએ ગતરોજ કોઈ અગમ્ય કારણોસર પોતાના મકાનમાં પંખા સાથે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

આ અંગેની જાણ થતાં પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુક્યું હતુ. જ્યાં આજુબાજુના લોકો દોડી આવતાં ટોળુ એકત્ર થઈ ગયું હતુ. દરમિયાન પોલીસ દોડી આવી હતી. અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.